# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-03-2025** **Morning : 7.10 to 7.20**

**Day : Tuesday** **Morning News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

---

1) રેલવે તંત્રની યુધ્ધના ધોરણે કામગીરીને કારણે અમદાવાદથી ખોરવાયેલો ટ્રેન વ્યવહાર વહેલી સવારથી પૂર્વવત થયો

2) સમાન નાગરિક કાયદાના રાજ્ય માં અમલ અંતર્ગત વિવિધ જીલ્લાઓમાં તબકકાવાર યુસીસીની બેઠકોનો દોર

3) પોરબંદર મહાનગર પાલિકાના પહેલા બજેટમાં નાગરિકોને વિવિધ સુવિધાઓની જોગવાઇ કરાઇ

4) આજથી રાજ્યભરમાં તાપમાનનો પારો નીચો જવાની હવામાન વિભાગની આગાહી

5) અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આજે ગુજરાત ટાઇટન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે આઇપીએલની મેચ રમાશે

----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# TRAIN RESTORED

અમદાવાદ રેલવે સ્ટેશન ઉપરથી ગઇકાલથી ખોરવાયેલો રેલવે વ્યવહાર પૂર્વવત થઇ ગયો છે. વટવા પાસે એક ક્રેઇન પડવાને કારણે 55 જેટલી ટ્રેનોની અવરજવર પર અસર થઇ હતી જેમાંથી કેટલીક ટ્રેન રદ કરાઇ હતી જ્યારે કેટલીક આંશિક રદ કરાઇ હતી અને કેટલીક ટ્રેનોને ટૂંકાવાઇ હતી.

જોકે રેલવે તંત્ર દ્વારા ગઇકાલથી આખી રાત અને વહેલી સવાર સુધી કામગીરી કરાતાં વ્યવહાર પૂર્વવત થયો હોવાની માહિતી અમદાવાદ મંડળના રેલવેના પ્રવક્તા પ્રદિપ શર્માએ આપી હતી.

(બાઇટ-- પ્રદિપ શર્મા, રેલવે પ્રવક્તા, WR)

. . . . . . . . . . . . .

# UCC

સમાન નાગરિક સંહિતા સંદર્ભે UCC સમિતિ દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓની મુલાકાત લઈ પ્રબુદ્ધ નાગરિકો, રાજકીય અને સામાજિક અગ્રણીઓ તેમજ વિવિધ ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિઓનાં મંતવ્યો મેળવવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે મોરબી કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે સમાન સિવિલ કોડ સમિતિની બેઠક યોજાઇ હતી.આ બેઠકમાં યુ.સી.સી. કમિટીના સભ્યશ્રી સી.એલ. મીણા અને કમિટીના સિનિયર એડવોકેટશ્રી આર.સી. કોડેકરએ ઉપસ્થિત પ્રતિનિધિઓના મંતવ્યો જાણી જરૂરી ચર્ચાઓ કરી હતી.

આ બેઠકમાં મોરબીના પ્રબુદ્ધ નાગરિકોએ લગ્ન , છૂટાછેડા, ભરણપોષણ, બાળકો સહિત મહિલા અધિકારો ,મિલકતના અધિકારો ,ધર્મ આધારિત કૌટુંબિક કાયદાઓ, લીવ-ઈન રિલેશનશિપમાં મહિલાઓના અધિકારો ,નાણાકીય સહાય તેમજ વારસાના અધિકારોનું રક્ષણ જેવા વિષયો પર UCC સમિતિ સમક્ષ પોતાના વિચારો રજૂ કર્યા હતાં.

યુ.સી.સી. સમિતિના સભ્યો દ્વારા રાજકોટ કલેકટર કચેરી ખાતે બેઠક યોજી સમાન નાગરિક સંહિતા લાગુ કરવાની જરૂરિયાત અંગે અભિપ્રાયો મેળવાયા હતા. સમિતિના સભ્યોએ વિવિધ રાજકીય, સામાજિક, ધાર્મિક, સમાજના વિવિધ વર્ગના પ્રતિનિધિઓ સાથે બેઠક માં યુ.સી.સી. વિશે વિગતવાર સમજણ આપી

જામનગર અને સુરેન્દ્રનગર ખાતે યોજાયેલી બેઠકમાં પણ સમાન નાગરિક સંહિતા લાગુ કરવાની જરૂરિયાત અંગે સમિતિના સભ્યો દ્વારા અભિપ્રાયો મેળવાયા હતા.

. . . . . . . . . . . . .

# PORBANDAR MUNICIPAL BUDGET

પોરબંદર મહાનગર પાલિકાનું પહેલુ બજેટ રજૂ કરાયું હતું. મ્યુનિસિપલ કમિશનરે 869 કરોડ રૂપિયાનું પુરાંતવાળુ અંદાજપત્ર રજૂ કર્યું છે.

પોરબંદરમાં ટાઉન હોલ, આઇકોનિક રોડ, ડીવાઈડર, ટ્રી પ્લાન્ટેશન અને સ્ટ્રીટ લાઈટોની શહેરીજનોને સુવિધા આપવાની પણ અંદાજપત્રમાં જોગવાઇ કરવામાં આવી છે. આ ઉપરાંત આધુનિક લાયબ્રેરી બનાવવામાં આવશે. તેમજ પોરબંદરના રતનપર રોડ પર આવેલ રમણીય બીચને વિકસાવવામાં આવશે. પ્રવાસીઓ વધુ આવે અને પ્રવાસનને વેગ મળે તે માટે બીચને બ્લૂફ્લેગ બીચ તરીકે 15 કરોડ રૂપિયા ના ખર્ચે વિકસાવવામાં આવશે તેમ મ્યુનિસિપલ કમિશર હસમુખ પ્રજાપતિએ જણાવ્યું હતું.

(બાઈટ -- હસમુખ પ્રજાપતિ, મ્યુનિસિપલ કમિશર પોરબંદર)

. . . . . . . . . . . . .

# WEATHER

રાજ્યભરમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો  થવાની આગાહી કરવામાં આવી. દરમિયાન અમદાવાદમાં મહત્તમ તાપમાન 40 અને ગાંધીનગરમાં 39  ડિગ્રી સેલ્સિયસ રહેવાની   સંભાવના હોવાનું   હવામાન ખાતાના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું

ઉપરાંત રાજ્યના દરિયાઈ વિસ્તારને અડીને આવેલા જિલ્લાઓમાં આગામી બે દિવસ ઉકળાટ તેમ જ બફારાની સ્થિતિ જોવા મળશે

. . . . . . . . . . . . .

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ મહિનાની 30મી તારીખે આકાશવાણી પર પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમ માટે નાગરિકો પાસેથી સૂચનો મંગાવ્યા છે. આ માસિક રેડિયો કાર્યક્રમનો 120મી કડી હશે. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ આ મહિનાના મન કી બાત કાર્યક્રમ માટે વિવિધ પ્રકારના સૂચનો મળવાથી ખુશી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે, આ સૂચનો સામાજિક કલ્યાણ માટે સામૂહિક પ્રયાસોની શક્તિને પ્રદર્શિત કરે છે.

લોકો ટોલ-ફ્રી નંબર 1800-11-7800 પર તેમના વિચારો અને સૂચનો રજૂ કરી શકે છે. તેઓ નરેન્દ્ર મોદી એપ અથવા MyGov ઓપન ફોરમ દ્વારા પણ તેમના સૂચનો ઑનલાઇન મોકલી શકે છે. આગામી કડી માટેના સૂચનો આ મહિનાની 28મી તારીખ સુધી સ્વીકારવામાં આવશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી સમાચાર વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ પર પ્રસારિત કરવામાં આવશે. તેનું આકાશવાણી સમાચાર, ડીડી સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ જીવંત પ્રસારણ કરવામાં આવશે. હિન્દી પ્રસારણ પછી તરત જ આકાશવાણી પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરશે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# Youth Parliment

રમત ગમત , યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ , ગાંધીનગર દ્વારા આયોજિત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી , આહવા-ડાંગ દ્વારા સંચાલિત "જિલ્લા કક્ષા યુથ પાર્લામેન્ટ "નું આયોજન આવતીકાલે સવારે નવ વાગે સંતોકબા ધોળકીયા વિદ્યામંદિર , માલેગાંવ ખાતે કરાશે. સ્પર્ધકે આપેલ વિષય પર પાંચ મિનીટ વક્તવ્ય આપવાનું રહેશે.

તેજ રીતે પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે તા.૨૭ માર્ચના રોજ સવારના અગિયાર વાગે જિલ્લા તાલીમ કેન્દ્ર પોલીસ હેડ કવાટર્સ ગોધરા જિલ્લા કક્ષાની યુથ પાર્લામેન્ટ યોજાશે

ઉલ્લેખિનીય છે કે ભાગ લેનાર સ્પર્ધકે ભારતીય બંધારણના ૭૫ ગૌરવશાળી વર્ષ, વિકસીત ભારત@૨૦૪૭ અને વન-નેશન-વન ઈલેકશન, વિકસીત ભારત માટે માર્ગ મોકળો જેવા વિષયો પર પાંચ મિનીટ વક્તવ્ય આપવાનું રહેશે.

આ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોમાંથી સ્પર્ધામાં પ્રથમ નંબરે વિજેતા થનારને ૨૧ હજાર રૂપિયા દ્વિતિય નંબરને ૧૫ હજાર રૂપિયા ત્રીજા નંબરે ૧૦ હજાર રૂપિયા અને અન્ય વિજેતા સ્પર્ધકોને ૫ હજાર રૂપિયા હજારનું ઇનામ આપવામાં આવશે

. . . . . . . . . . . . .

# Tapi

તાપી જિલ્લાના મુખ્ય મથક વ્યારાથી સાત કિલોમીટરના અંતરે આવેલ ચિખલવાવ ગામનો સંપૂર્ણ વહીવટ ગામના મહિલાઓના હાથમાં છે છેલ્લા ચાર વર્ષથી  મહિલાઓ ગામના વિકાસ માટેની દરેક કામગીરી આજે બખૂબી નિભાવી રહ્યા છે. વિશેષ વાત તો એ છેકે ગામના સરપંચ  , સાથે ગામના તલાટી પણ એક માહિલા જ છે , જેને પગલે વહીવટી બાબતો માં સરળતા રહેતા ગામના પાયાના દરેક કાર્યોથી લઈ વિકાસના અન્ય કાર્યો પ્રગતિશીલ બન્યા છે.

(બાઈટ- - પ્રીતિ ચૌધરી (તલાટી) ચિખલવાવ ગામ)

. . . . . . . . . . . . .

# IPL

આઈપીએલ ક્રિકેટની 18 મી    આવૃતિ હાલ ચાલી રહી છે. આઈપીએલના ફ્લેગથી લઈ ખેલાડીઓના યુ  નિફોર્મ પણ સુરતમાં તૈયાર થાય છે. સુરતના પાંડેસરામાં રિસાઇકલ કરીને બનાવતી આ વસ્તુઓ અંગે માહિતી આપી રહ્યા છે

અમારાં પ્રતિનિધિ લોપા દરબાર..

(બાઈટ -- લોપા દરબાર)

. . . . . . . . . . . . .

# IPL AHMEDABAD

અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે ગુજરાત ટાઇટન્સ પંજાબ કિંગ્સ સામે તેનાં આઇપીએલ અભિયાનનો પ્રારંભ કરશે. ગુજરાત ટાઇટન્સે 2022થી આઇપીએલમાં રમવાનો પ્રારંભ કર્યો હતો અને પ્રથમ જ સીઝનમાં હાર્દિક પંડ્યાની આગેવાનીમાં ટીમ ચેમ્પિયન બની હતી. પંજાબ કિંગ્સ માટે આ સીઝનથી કેપ્ટન બનેલા શ્રેયસ ઐયરની આગેવાનીમાં ગઈ સિઝનમાં કોલકતા નાઇટ રાઇડર્સ ચેમ્પિયન બન્યું હતું.

દિલ્હી કેપિટલ્સે ગઈકાલે રાત્રે વિશાખાપટ્ટનમના વાય. એસ. રાજશેખર રેડ્ડી ક્રિકેટ સ્ટેડિયમમાં છેલ્લી ઓવરની રોમાંચક મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સને એક વિકેટથી હરાવ્યું હતું. લખનઉ સુપર જાયન્ટ્સ દ્વારા નિર્ધારિત 210 રનના લક્ષ્યાંકનો પીછો કરતા દિલ્હી કેપિટલ્સે 19.3 ઓવરમાં 9 વિકેટે 211 રન બનાવી જીત પ્રાપ્ત કરી હતી.

મેચ ભારતીય સમય અનુસાર સાંજે સાડા સાત વાગે રમાશે.

. . . . . . . . . . . . .

# MUMBAI TEAM

મુંબઇ ઇન્ડિયન્સની ટીમનું જામનગર એરપોર્ટ ખાતે આગમન થયું હતું , ટીમના ખેલાડી રોહિત શર્મા , હાર્દિક પંડ્યા સહિતના સ્ટાર ખેલાડીઓ જામનગર આવી પહોંચ્યા હતા , મુંબઈ ઇન્ડિયન્સની ટીમના તમામ ખેલાડીઓ જામનગર આવી પહોંચતા એરપોર્ટ પર તેમનું સ્વાગત કરવામાં આવ્યું,

મુંબઇ ઇન્ડિયન્સની ટીમે જામનગર રિલાયન્સ ખાતે રાત્રી રોકાણ કર્યું હતું. આજે આ ટીમ પ્રસિદ્ધ વનતારાની મુલાકાત લઈ દેશ -વિદેશના પ્રાણી -પક્ષીઓ અને પ્રાણીઓની હોસ્પિટલ નિહાળશે.

. . . . . . . . . . . . .